# દેવના લોકએ લાલ સમુદ્ર પાર કર્યો

**પ્રાર્થના** - હે પ્રભુ, આ બાળકોની સમજણ ખોલો કે તેઓ જાણે કે તમારું વચન કેવળ માણસોના સુવિચારો જ નથી પણ તેમાંથી જે બધુ આપણે વિશ્વાસથી માનીએ છીએ તે વધતાં વધતાં મોટી ઐતિહાસિક ઘટનામાં રૂપાંતર પામે છે.

નીચેનામાંથી કોઈ બાળપ્રવૃત્તિ પસંદ કરો. કોઈ મોટા વિદ્યાર્થી કે શિક્ષક મુસા લાલ સમુદ્ર પાર કરે છે તે વાર્તા **વાંચી જાય અથવા મોઢે કહે. નિર્ગ. ૧૪** બતાવે છે કે દેવે કેવા મોટા ચમત્કારો કરીને પોતાના લોકોને ગુલામીમાંથી છોડાવ્યા.

વાર્તા કહ્યા પછી **આ પ્રશ્નો પૂછો** (જવાબો સાથે આપેલા છે)

- ઈસ્ત્રાએલીઓએ મીસર છોડયા પછી મિસરીઓએ તેમને ક્યાં પકડી પાડયા ? *(નિર્ગમન ૧૪:૯)*
- ઈસ્ત્રાએલીઓના બદલામાં કોણે લડવાનું વચન આપ્યું ? *(૧૪)*
- તે રાતે દેવે ઈસ્ત્રોલીઓને મિસરીઓથી કેવી રીતે જુદા પાડયા ? *(૧૯-૨૦)*
- મુસાએ સમુદ્ર સામે પોતાના હાથ લાંબો કર્યો ત્યારે શું થયું ? *(૨૧)*
- ઈસ્ત્રાએલીઓએ કઈ રીતે સમુદ્ર પાર કર્યો ? *(૨૨)*
- તેમની પાછળ પડેલા મિસરના સૈન્યનું શું થયું ? *(૨૮)*



રાતો સમુદ્ર ઓળંગવાની **વાર્તા ભજવી બતાવો** - નિર્ગ. ૧૪

- સભાના આગેવાન પાસે નાટક ભજવવાની ગોઠવણ કરો.
- નાટક અંગે બાળકો સાથે થોડો સમય માર્ગદર્શન આપો.
- મોટા બાળકો નાના છોકરાઓની મદદ કરે.
- મોટા છોકરા કે સભાજનો નીચેના ત્રણ પાત્રો ભજવે

  ૧) વર્ણન કરનાર - વાર્તાનું સંક્ષેપીકરણ કરવું અને નાના બાળકોને સંવાદો યાદ કરવામાં મદદ કરવી.

  ૨) મુસા - હાથમાં લાંબી લાકડી રાખે.

૩) ફારૂન - ભરત કરેલો કંતાનનો ટુકડો માથે મુગટ તરીકે રાખે.

- નાના છોકરા આ પાત્રો ભજવે.

  **૧) મિસરના સૈનિકો** - ખુરશીઓ પર બેસે. ખુરશી એટલે રથ

  **૨) ઘોડા** - રથરૂપી ખુરશીઓ પાસે ઘુટણો પર બેસીને ઘોડા બને અને તેવા અવાજો કાઢે.

  **૩) ઈસ્ત્રાએલીઓ** - હાંફળા ફાંફળા દેખાય.

  **૪) ઘેટાં** - હાથથી અને ઘુટણોથી ચાલીને બેં બેં કરે.

  **૫)લાલ સમુદ્ર** - હાથો ઊંચા કરીને પાણીની દિવાલ બનાવે.

**વર્ણન કરનાર :** વાર્તાનો પ્રથમ ભાગ નિર્ગ. ૧૪ : ૧-૨૦ માંથી કહે. પછી કહે. ‘‘સાંભળો, ફારુન શું કહે છે.’’

**ફારૂન કહે :** સૈનિકો, આપણા ઈસ્ત્રાએલી ગુલામો નાસી ગયા છે. રથો લઈને તેમની પાછળ પડો.

**મિસરના સૈનિકો** : રથો પર ઊભા રહે. ઘોડાઓને ચાબુક મારતા હોય તેવો અભિનય કરે. ઘોડાઓને કહે, જલ્દી, ઈસ્ત્રાએલીઓની પાછળ પડો. તેઓ સમુદ્ર કિનારે સપડાઈ ગયા છે. તેઓ નાસી શકશે નહિ.’’

**ઈસ્ત્રાએલીઓ :** ‘‘અમે તો ફસાઈ ગયા.’’ ‘‘બાપરે, મરી જઈશું.’’ ‘‘ઓ પ્રભુ બચાવો!’’

**ઘેટા :** એવી બૂમો પાડે ઘેટાઓ બેં બેં કરે.

**ઈસ્ત્રાએલીઓ :** જુઓ દેવનો સ્તંભ આપણી અને સૈનિકોની વચમાં છે તેઓ આપણને હવે રાતના અંધારામાં જોઈ શકતા નથી.

**વર્ણન કરનાર :** નિર્ગમન ૧૪ : ૨૧-૩૧ માંથી વાર્તાનો બીજો ભાગ કહે.

**લાલ સમુદ્ર :** બાળકો બે લાઈનમાં ઊભા રહીને સમુદ્ર બનાવે

**વર્ણન કરનાર :** ‘‘સાંભળો, મુસા શું કહે છે ’’

**મુસા :** લાલ સમુદ્ર તરફ પોતાની લાકડી લાંબી કરે અને કહે, દેવ આપણે માટે યુદ્ધ કરશે. જુઓ સમુદ્રના કેવા બે ભાગ થાય છે ! તમે કોરી ભૂમિ પર થઈને જશો.

**લાલ સમુદ્ર :** બંને હાથ ઊંચા કરી દઈને બે લાઈન વચ્ચે રસ્તો કરી આપે છે.

**ઈસ્ત્રાએલીઓ** અને **ઘેટા :** બે લાઈનની વચ્ચેથી પસાર થાય છે. તેઓ બંને બાજુ જોઈને કહે છે આપણી બંને બાજુ પાણીની કેવી ઊંચી દિવાલ છે! ઘેટાં બેં બેં કરે.

**ફારૂન કહે :** જુઓ પવને સમુદ્રમાં રસ્તો બનાવ્યો. ચાલો આપણે તેમાં થઈને તેમનો પીછો પકડીએ.

**મિસરના સૈનિકો** અને **ઘોડા :** તેમની પાછળ પડે છે. સૈનિકો ખુરશીઓ (રથો) પરથી કુદીને ઘોડાઓ સાથે લાઈનોની વચનમાં પ્રવેશે છે. બરાબર વચમાં જઈને તેઓ બૂમ પાડે છે ‘અરે આ શું થયું ?’ ‘મારા રથના પૈડા નીકળી ગયા’ ‘મારો રથ ભાંગી ગયો’ ‘સમુદ્રના પાણી પાછા ધસી રહ્યાં છે’ ‘ઓ બાપ રે ! આપણે ડૂબી ગયા !’ ‘ઘોડા હણહણે અને પડી જાય, મરી જાય, મિસરના સૈનિકો જમીન પર લાંબા થઈ જાય-મરેલાની માફક.’

**લાલ સમુદ્ર :** ઘોડાઓ અને સૈનિકો ઉપર પડે.

**ઈસ્ત્રાએલીઓ :** આપણા દેવે આપણને તેના મહાન સામર્થ્યથી બચાવ્યા છે.

**વર્ણન કરનાર :** નાટક પૂરૂ થયે બધાનો આભાર માને.

બાળકોએ મોટા માટે આ નાટક રજૂ કર્યું હોય તો તેઓ ઉપર દર્શાવેલા પ્રશ્નો પૂછી શકે છે.

**ચર્ચા :** દેવ ભૂંડાઈની શક્તિઓથી પોતાના લોકને બીજા ક્યા માર્ગે બચાવે છે તેના ઉદાહરણો પણ બતાવે.



એક રથનું ચિત્ર દોરો. બાળકોને તેની કોપી કરવાનું કહો ભજનસેવા વખતે આ ચિત્રો દેખાડવામાં આવે અને બાળકો સમજાવે કે આ રીતે દેવની શક્તિ જગતની કોઈપણ તાકાતને હરાવી શકે છે.

ફિલી ૪:૧૩ **મોઢે કરાવો.**

મીસરની ગુલામીમાંથી દેવે પોતાના લોકને બચાવ્યા અને આપણને પણ આજે પાપની ગુલામીમાંથી બચાવે છે તેને લગતું ગીત **મોટા બાળકો બનાવે**.

**પ્રાર્થના** : વ્હાલા પ્રભુ, તમે મહાન શક્તિશાળી છો. તમે મિસરના ઘોડા અને સવારોને સમુદ્રમાં ડુબાડી દીધા. તમે તમારા લોક ગુલામીમાં સબડતા હતા તેમનો પોકાર સાંભળ્યો અને તેમનો છુટકારો કર્યો. અમે જ્યારે પ્રાર્થના કરીએ છીએ ત્યારે તમે અમારૂં સાંભળો છો માટે અમે આભાર માનીએ છીએ.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net